મહત્તમ : ૩૮.૦ ડીગ્રી
લઘુતમ : ૨૧.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૩ ટકા ● સાંજે ૫૦ ટકા
ગાંધીનગર તાપમાન

સરગાસણમાં ફરીથી ચડ્ડી-બનીયાનધારી ટોળકી ત્રાટકી

સ્વાગત બ્લોસમમાં બે મકાનોના તાળા તોડયા : તાળા તોડવાની મશીનરી સાથે ત્રાટકેલી ગેંગ સીસીટીવી કેમેરામાં કેદ : પોલિસની નિષ્ક્રિયતા : રહીશોમાં ફફડાટ

ગાંધીનગર, તા.૧૦

સરગાસણ તથા આસપાસમાં નવી બનેલી સોસાયટી વિસ્તારોમાં હમણાંથી તસ્કરોનો ડોળો હોય તેમ લાગી રહ્યું છે. તાજેતરમાં અઢળક મકાનોના તાળા આ વિસ્તારમાં તુટયા હોવાનું ધ્યાને આવ્યું છે અને થોડા દિવસો અગાઉ એક સોસાયટીમાં રાત્રે ઘુસેલી ચડ્ડી બાનિયાનધારી ગેંગ પણ કેમેરામાં કેદ થઈ હતી. હજુ ઘરફોડ કરતી આ ગેંગનો એકેય સાગરીત પોલિસ પકડી શકી નથી ત્યાં ગઈ રાત્રે ચડ્ડી બનીયાનધારી ગેંગ સરગાસણ પાસેના સ્વાગત બ્લોસમમાં ત્રાટકી હતી. સ્વાગત બ્લોસમના સીસીટીવી કેમેરામાં કેદ થયેલી આ ગેંગ હથિયાર સાથે બિન્દાસ્ત સોસાયટીમાં ઘૂસતી નજરે ચઢે છે. બે મકાનોના તાળા તોડી આ ગેંગે ઘરફોડ આચરી હોવાનું ધ્યાને આવ્યું છે. પરંતુ હજુ સુધી આ મામલે કોઈ પોલિસ ફરિયાદ થઈ ન હોવાનું પોલીસનું કહેવું છે.

સરગાસણ નજીક આવેલી સ્વાગત બ્લોસમ સોસાયટીમાં ગઈ રાત્રે ત્રણેક વાગ્યાના અરસામાં ચડ્ડી બીનીયાનધારી ટોળકી ફરકી રહી હતી. રાત્રે ૩.૨૩ વાગ્યે સોસાસટીના સીસીટીવી કેમેરામાં આ ગેંગના સાગરીતો તાળા તોડવાની મશીનરી લઈને ફરતા કેદ થયા હતા. રાત્રી દરમિયાન ત્રાટકેલી આ ગેંગે સોસાયટીના બે બંધ મકાનોના તાળા તોડીને રૂ. ૪૦ હજારની મત્તા સાફ કરી ગયા હોવાનું સુત્ર પાસેથી જાણવા મળ્યું છે. રાત્રે થેયલી આ ઘરફોડ અંગે કોઈ ફરિયાદ આવી ન હોવાનું ઈન્ફોસીટી પોલીસનું કહેવું છે. નોંધનીય બાબત એ છે કે ઘરફોડીયાઓ સીસીટીવી કેમેરામાં કેદ થાય છે પરંતુ એકેય પકડાતા નથી. જેને કારણે સરગાસણ પંથકના રહીશોમાં ભયનો માહોલ છવાઈ ગયો છે.

વાતવાતમાં

● શાળાઓની પરીક્ષાઓ પૂર્ણ થવાના આરે આવતા બાળકોમાં ઉત્સાહની લહેર જોવા મળી રહી છે. મુખ્ય વિષયના પેપર્સ પતી ગયા હોવાથી બાળકો ફટાકડાંની નાની-મોટી ખરીદી કરી ફોડવાનો પ્રારંભ કરી દિવાળી પર્વનું સ્વાગત કરી રહ્યા છે.

● શાળા-કોલેજોની પરીક્ષાઓના કારણે શહેરના મલ્ટિપ્લેક્સ થીયેટરોમાં પ્રેક્ષકોની પાંખી હાજરી જોવા મળી રહી છે. તાજેતરમાં રિલીઝ થયેલી લોકપ્રિય સ્ટાર્સની ફિલ્મોને પણ શહેરમાં મોળો પ્રતિસાદ સાંપડી રહ્યો છે.

● બુધવારથી રાજયભરની તમામ નગરપાલિકાઓના કર્મચારીઓ ત્રણ દિવસ સુધી હડતાળ પર જવાના છે. આ સંદર્ભે દહેગામ નગરપાલિકાના કર્મચારીઓ દ્વારા નાગરિકોને પડનારી અસુવિધા બદલ દિલગીરી વ્યકત કરતા હોર્ડિંગ્સ લગાડયા છે.

● બજરંગ દળ દ્વારા ગાંધીનગર શહેર ભરતી અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત યુવાનોને બજરંગ દળમાં જોડાવા માટે પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યા છે.

● સેકટર-૮માં સરકારી દવાખાનું હોવા છતાં માત્ર ૧૫ જેટલા દર્દીઓ માંડ આવે છે. બીજી તરફ નવા સેકટરો જેવા કે સે-૩, ૪ કે ૫માં સરકારી દવાખાનાની અત્યંત જરૂરિયાત જણાતી હોઈ ત્યાં દવાખાનું ચાલુ કરાય તો રહીશોને ઉપયોગી બને તેવી માંગ ઉઠવા પામી છે.

પુન્દ્રાસણમાં શાળાના મુદ્દે ચકાકાજામ કરનાર ૨૭ ગ્રામજનોની અટકાયત

પરીક્ષાના દિવસોમાં અઠવાડીયાથી શાળાને તાળાબંધી કરાઈ છે : જર્જરીત શાળા બંધ કરી નવી શાળા બનાવવા ગ્રામજનોએ જમીનની માંગણી કરી છે

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર નજીક આવેલા પુન્દ્રાસણ ગામમાં સ્થિત જર્જરીત શાળા બંધ કરી નવી શાળા માટે જમીનની માંગણી ગ્રામજનો દ્વારા વર્ષોથી કરવામાં આવી છે પરંતુ કોઈ નિર્ણય નહિ લેવાતા એક અઠવાડીયાથી ગ્રામજનોએ પરીક્ષાના દિવસોમાં જ શાળાને તાળાબંધી કરી દીધી છે અને આજે સવારે ગ્રામજનોએ રસ્તા રોકો આંદોલન કરી ચક્કાજામ કરતા પેથાપુર પોલિસે ૨૭ જેટલા ગ્રામજનોની અટકાયત કરી લીધી હતી.

પુન્દ્રાસણની પ્રાથમિક શાળા જર્જરીત હાલતમાં છે જે વિદ્યાર્થીઓ માટે અત્યંત જોખમી છે તે ઉપરાંત અપુરતા ઓરડાઓના કારણે બે શિફટમાં બાળકોને ભણાવવામાં આવી રહ્યા છે જેને પગલે નવી શાળા બનાવવા માટે ગ્રામજનો દ્વારા સાત વર્ષથી જમીનની માંગણી કરવામાં આવી હોવા છતાં કોઈ સકારાત્મક નિર્ણય લેવાયો નથી. આખરે વાલીઓ તથા ગ્રામજનો આંદોલનના મુડમાં આવી ગયા છે. એક અઠવાડીયાથી આ શાળાને તાળાબંધી કરી દેવામાં આવી છે તેમ છતાં તંત્રના પેટનું પાણી ન હલતા આજે ગ્રામજનો દ્વારા રસ્તા રોકો આંદોલન કરવામાં આવ્યું હતું. એક કલાક ચક્કાજામ કરી વિરોધ પ્રદર્શન કરવામાં આવતા પેથાપુર પોલીસે ૨૭ જેટલા પ્રદર્શનકારીઓની અટકાયત કરી થોડા કલાકો બાદ મુકત કર્યા હતા. હજુ પણ માંગણી સંતોષવામાં નહી આવે તો આશ્ચર્યજનક કાર્યક્રમો આપી વિરોધ કરવાની ચીમકી ગ્રામજનોએ ઉચ્ચારી છે.

સરકારી કોલેજના વ્યાખ્યાતાઓએ પગાર મુદ્દે શિક્ષણમંત્રીને આવેદન પત્ર આપ્યું

ગાંધીનગર, તા.૧૦

ગુજરાત રાજયમાં ગ્રાન્ટેડ કોલેજમાં સહાયક અધ્યાપક તરીકે ફરજ બજાવતાઓને રૂ.૪૦.૧૭૬ પગાર ધોરણ મળે છે જયારે સરકારી કોલેજોમાં સરકારના નિયમ મુજબ ૧૧ માસના કરાર આધારિત ફરજ બજાવતા વ્યાખ્યાતા સહાયકોને માત્ર રૂ.૨૫,૦૦૦ પગાર મળે છે. ત્યારે સહાયક અધ્યાપકો અને વ્યાખ્યાતાઓની બંન્નેની લાયકાત અને કામ સરખુ છે. છતા પગાર ધોરણમાં વિસંગતતા હોવાથી વ્યાખ્યાતા સહાયકો તરીકે કરાર આધારીત ફરજ બજાવતા કર્મચારીઓમાં રોષ ભભુકી ઉઠ્યો છે. જેને પગલે આજે ગાંધીનગર આવી પહોંચીને શિક્ષણમંત્રીને આવેદન પત્ર પાઠવી યોગ્ય કરવા રજુઆત કરી છે.

ગુજરાત રાજયમાં ગ્રાન્ટ ઈન એડ કોલેજમાં ફિકસ પગારથી અધ્યાપક સહાયકો અને ગુજરાતની સરકારી કોલેજમાં ૧૧ માસના કરાર આધારીત વ્યાખ્યાતા સહાયકો ફરજ બજાવે છે. બંન્ને અધ્યાપકોઓના ભરતીના ધારા-ધોરણો, હોદાઓ અને કામગીરી સમાન છે. અત્યાર સુધી અધ્યાપકોને રૂ.૬,૫૦૦, ૧૫,૫૦૦, અને રૂ.૨૫,૦૦૦ પગાર થયો છે. ત્યારે બંન્નેનો સાથે જ પગાર વધ્યો છે. ત્યારે તાજેતરમાં સરકાર દ્વારા સહાયક અધ્યાપકોના પગારમાં રૂ.૧૫,૦૦૦નો વધારો કરી આપતા તેમનો પગાર રૂ.૪૦,૧૭૬ થયો છે. જયારે વ્યાખ્યાતા સહાયકોને આ પગાર વધારાનો લાભ મળ્યો નથી. જેને પગલે વ્યાખ્યાતા સહાયકોમાં રોષ ભભુકી ઉઠ્યો છે. બંન્નેનું કામ તેમજ ધારા-ધોરણો, કામગીરી સમાન હોવાથી રાજય સરકારે યોગ્ય કરવા આજે વ્યાખ્યાતા સહાયક મંડળ દ્વારા શિક્ષણમંત્રની આવેદન પત્ર પાઠવી યોગ્ય કરવા રજુઆત કરી હતી.

દેવીપૂજક મહાગઠબંધન ૯૨ અપક્ષ ઉમેદવારોની યાદી જાહેર કરાઈ

ગાંધીનગર, તા.૧૦

આગામી ટુંક સમયમાં વિધાનસભાની ચુંટણી યોજાવાની છે. ગમે તે સમયે ચુંટણીની જાહેરાત થઈ શકે તેવી શકયતાઓ છે ત્યારે ગુજરાત વિધાનસભા ૨૦૧૭માં વિધાનસભા બેઠકમાં દેવીપુજક સમાજ દ્વારા વિચરતી વિમુકત જાતિના સંભવિત અપક્ષ ઉમેદવારોની યાદી દેવીપુજક મહાગઠબંધન દ્વારા જાહેર કરવામાં આવી છે. જેમાં વિવિધ જિલ્લાની ૯૨ બેઠકના ઉમેદવારોની પહેલી યાદી જાહેર કરાઈ છે. જયારે બાકી રહેલી અન્ય બેઠકના ઉમેદવારોની યાદી પણ ટુંક સમયમાં બહાર પાડવામાં આવશે તેમ વિરાટ દેવીપુજક સંઘના રૂપસંગભાઈ ભરભીડીયાએ જણાવ્યું છે.

ઓબીસીની ૨૭ ટકા અનામતમાંથી ૧૧ ટકા અનામત ૪૦ વિચરતી વિમુકત જાતિના વિકાસ માટે સ્પેશીયલ એસટી કેટેગરીવાળુ અનામત આપવામાં આવે તેવી માંગ વિરાટ દેવીપુજક સંઘ દ્વારા છેલ્લા ઘણા સમયથી કરવામાં આવી રહી છે. આ અંગે વિરાટ દેવીપુજક સંઘ દ્વારા અનેકવાર આવેદન પત્ર અને લડત આપવામાં આવી છે. છતા સરકારના પેટનું પાણી હલતું નથી. ત્યારે વિરાટ દેવીપુજક સંઘના નેજા હેઠળ દેવીપુજક મહાગઠબંધનની રચના કરવામાં આવી છે. જેમાં ૧૦ હજારથી વધુવસ્તી ધરાવતા વિસ્તારમાં દેવીપુજક સમાજના અને વિચરતી વિમુકત જાતિના ઉમેદવારો અપક્ષ ચુંટણી લડશે. આ ઉમેદવારો મોટાભાગના રાજકીય પક્ષના કાર્યકર જ હશે. ત્યારે દેવીપુજક મહાગઠબંધનની કોર કમિટી દ્વારા રાજયની વિવિધ વિધાનસભા બેઠકના ૯૨ સંભવિત ઉમેદવારોની યાદી જાહેર કરી દેવાઈ છે. જેમાં વિરાટ દેવીપુજક સંઘના પ્રમુખ રૂપસંઘભાઈ ભરભીડીયા ખંભાત અથવા ધોળકાથી અપક્ષ ઉમેદવારી નોંધાવશે. જયારે ગાંધીનગર જિલ્લાની દહેગામ બેઠક પરથી અશોક જીજુભાઈ દંતાણી અથવા કરશનભાઈ દંતાણી, ગાંધીનગર દક્ષિણ બેઠક પરથી બળદેવભાઈ વાઘરી, ગાંધીનગર ઉત્તર બેઠક પરથી મનુભાઈ રાવળ, કલોલ બેઠક પરથી રાવળ વિક્રમભાઈ ભીખાભાઈ, જયારે ગાંધીનગર ઉત્તર બેઠકના દેવીપૂજક ગોંવિદભાઈ અને લક્ષ્મણભાઈ વિઠ્ઠલભાઈ દત્ત ઉમેદવારી નોંધાવશે. આ સહિત ભાવનગર, જુનાગઢ, સાબરમતી, વિજાપુર, વઢવાણ, અસારવા, વ્યારા, મહુવા, રાજકોટ, હિંમતનગર, ઈડર, સહિતની બેઠકના ઉમેદાવારોની યાદી જાહેર કરી દીધી છે અને આગામી અન્ય બાકી રહેલી વિધાનસભા બેઠકની યાદી ટુંક સમયમાં દેવીપુજક મહાગઠબંધન જાહેર કરશે તેમ વિરાટદેવીપુજક સંઘના રૂપસંગભાઈ ભરભીડીયાએ જણાવ્યું છે.

આઈ લવ માય ગાંધીનગર

હસમુખ કેશાલાલ પટેલ
એડવોકેટ અને નોટરી

ગાંધીનગર ગમે

ગાંધીનગર હરિયાળી નગરી છે. અહીં સ્વચ્છતા સાથે વાતાવરણ પ્રદૂષણમુક્ત છે. રસ્તા ખુલ્લા હોવાથી વાહન ચલાવવામાં આસાની રહે છે. અહીં શિક્ષણ, આરોગ્યની વ્યવસ્થા પૂરતા પ્રમાણમાં છે તેથી શહેર ગમે છે.

નાગરિકો

નાગરિકો હવે ધીરે ધીરે સ્વચ્છતાને અનુસરવા લાગ્યા છે. ગ્રીન અને બ્લ્યૂ ડસ્ટબિન વાપરતા થયા છે, જે રસ્તા પર હોય તો નાગરિકો ઉપયોગ કરે છે.

પ્રવૃત્તિ, સંસ્થા ગમે

ગાંધીનગર અક્ષરધામની પ્રવૃત્તિઓ - ખાસ કરીને દીપવાલીનો દીપોત્સવ આકર્ષણ જન્માવે છે.

નગરને બહેતર બનાવવા

ગાંધીનગર આપણું નગર છે. તમામ કર્મચારીઓએ નાગરિકોને કચેરીના ધક્કા ના ખાવા પડે તે હેતુ સતર્કતા રાખવી અને માહિતીપૂરી પાડવી જોઈએ.

નગર માટે હું કરી શકું

યુવાનોને રમતગમત ક્ષેત્રે તાલીમ આપી નેશનલ કક્ષા તથા ઑલિમ્પિક્સમાં ચંદ્રક પ્રાપ્ત થાય તેમાટે સહાયભૂત થવા માટે હું તૈયાર છું.

ગાંધીનગર જિલ્લાના નાગરિકોની રજુઆત – ફરીયાદો અને સૂચનો માટે 'ટવીટર' ની સુવિધા ઉપલબ્ધ કરાઈ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા નાગરિકોની ફરીયાદો અને સૂચનો માટે 'ટવીટર' ની સુવિધા ઉભી કરી છે. જિલ્લા કલેકટર શ્રી સતીષ પટેલે જણાવ્યું છે કે @COLLGNR પર ટવીટ મોકલી નાગરિકો પોતાની ફરીયાદો – સુચનો સરળતાથી કોઈ પણ સમયે અને કોઈ પણ સ્થળેથી મોકલી શકે છે. સિસ્ટમ દ્વારા નાગરિકોને તરત જ તેમની રજુઆતોના નંબર સાથે તે મળ્યાનો સંદેશ ટવીટર પર મોકલવામાં આવશે. રજુઆતને સંલગ્ન વિભાગમાં મોકલવામાં આવે છે. ફરિયાદના ઉકેલ અને કરવામાં આવેલ કામગીરીની રજુઆત કરનારને ટવીટર દ્વારા જાણ થતી રહે છે. ઉચ્ચ અધિકારીશ્રીઓ મોબાઈલ એપ 'ટવીટ સ્માર્ટ' પરથી પોતાની કચેરીને લગતી રજુઆતોનું અસરકારક રીતે નિયંત્રણ કરે છે.

પારદર્શક, લોકાભિમુખ વહીવટની દિશામાં ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્રએ વધુ એક ટેકનોલોજી આધારિત પગલું ભર્યુ છે. જાગૃત નાગરિકોને પોતાની રજુઆતો – ફરિયાદો અને સુચનો @COLLGNR પર ટવીટ કરીને વહીવટી તંત્રને મોકલવા જણાવાયું છે.

બીબીએના વિદ્યાર્થીઓને અંગદાન તથા વ્યસનમુકિત અંગે 'શતાયુ' માર્ગદર્શન

ગાંધીનગર, તા.૧૦

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કૉલેજ ઓફ બિઝનેસ ઍડ્મિનિસ્ટ્રેશન દ્વારા મેનેજમેન્ટનાં વિદ્યાર્થીઓને અભ્યાસની સાથે સાથે તેઓ તેમના વ્યક્તિગત જીવનમાં સ્વસ્થ જીવન જીવે તેમજ આ વિદ્યાર્થીઓ થકી આપણો સમાજ પણ સ્વસ્થ રહે તેવા કાર્ય થાય તે માટે સતત પ્રેરણા આપવામાં આવી રહી છે. કોલેજમાં તા. ૯/૧૦/૨૦૧૭ના રોજ શ્રી ખીમજી વશરામ હોલ ખાતે સવારે ૯.૩૦ થી ૧૧.૦૦ વાગ્યા સુધી સંસ્થા, સર્વ નેતૃત્વ ટીમ તેમજ શતાયુ દ્વારા યોજાયેલ "ડ્રગ અવેરનેસ તેમજ ઓર્ગન ડોનેશન"ના કાર્યક્રમથી ઉપસ્થિત ૬૫૦ જેટલા વિદ્યાર્થીને કોલેજના વાઈસ પ્રિન્સીપાલ ડો. જયેશ તન્ના દ્વારા આવકારવામાં આવ્યા હતા.

આ પ્રસંગે કોલેજના

પ્રિન્સીપાલ ડો. રમાકાંત પૃષ્ટિ દ્વારા સમગ્ર કાર્યક્રમનાં હેતુઓ તેમજ મહત્વ વિષે વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. તમામ યુવક યુવતીઓને સર્વ નેતૃત્વ ટીમના શ્રી સંકેત પટેલ તેમજ શ્રી રોનક કડિયા દ્વારા વ્યસનથી થતા શારીરિક, માનસિક તેમજ અન્ય નુકશાન બાબતે કારણો, સંકેતો તેમજ પરિણામો વિષે ઊંડાણપૂર્વક સમજ આપવામાં આવી હતી. સમગ્ર તાલીમ ઓડિયો વિડીયો પ્રેઝન્ટેશન દ્વારા કરવામાં આવ્યું હતું. તેમજ ડ્રગ અવેરનેસ વિષે વિદ્યાર્થીઓ પાસે ફોર્મસ ભરાવાયા હતા. આ સાથે શતાયુ ઓર્ગેનાઈઝેશન વતી મુખ્ય અતિથી તરીકે પધારેલ પ્રોજેક્ટ કો ઓર્ડીનેટર શ્રી મૌલિક શાહ દ્વારા અંગ દાન થકી એક વ્યક્તિ જીવતા જીવ તેના નજીકના સગા સબંધીઓમાંથી કોઈને અંગની જરૂર પડે ત્યારે કઈ રીતે પોતે સ્વસ્થ રહીને અન્યને પણ જીવતદાન આપી શકે તે બાબતે માર્ગદર્શિત કરવામાં આવ્યા હતા તેમજ વ્યક્તિનું બ્રેન ડેડ થયા પછી તે ક્યાં ક્યાં ઓર્ગન્સ ડોનેટ કરી શકે તે બાબતે માહિતી આપવામાં આવી હતી. સમગ્ર વર્કશોપનુ સંચાલન તેમજ આભારવિધિ કોલેજનાં પ્લેસમેન્ટ અને ટ્રેનીંગ કમિટી ના હેડ ડૉ. જયેશ જે. તન્નાએ કર્યુ હતું તેમજ વર્કશોપને સફળ બનાવવા કોલેજના આચાર્ય ડૉ. રમાકાન્ત પૃષ્ટિના માર્ગદર્શન હેઠળ ડૉ. જયેશ જે. તન્ના તેમજ સમગ્ર કોલેજ પરિવાર દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

સ્કૂલ ઓફ એચિવરના સ્ટાફ પરિવારનો સંબંધોત્સવ ઉજવાયો

કર્મચારીઓથી માંડીને સંચાલકો પરિવાર સહિત જોડાયા : મનોરંજક રમતો અને ગીત-સંગીતનો આનંદ માણ્યો

ગાંધીનગર, તા.૧૦

દરેક શાળા સંકુલોમાં વિદ્યાર્થીઓ માટે વિવિધ કાર્યક્રમો આયોજિત થતા હોય છે એટલું જ નહી પરંતુ કેટલીક શાળાઓમાં વાલીઓ માટેના કાર્યક્રમો પણ યોજવામાં આવે છે. જો કે ન્યુ ગાંધીનગરના કુડાસણ ખાતેની સ્કૂલ ઓફ એચિવર દ્વારા પ્રતિ વર્ષ ઉજવાતો 'પરિવાર સંબંધોત્સવ' એક અનોખો કાર્યક્રમ છે જેમાં શાળામાં કાર્યરત તમામ કક્ષાના કર્મચારીઓ તથા સંચાલકો સહિત તેમના પરિવાર માટે યોજવામાં આવે છે. આ વર્ષે યોજાયેલા 'એચિવર પરિવાર સંબંધોત્સવ-૨૦૧૭'માં આ પરિવારોએ અનેકવિધ સાહસિક અને મનોરંજક પ્રવૃત્તિઓનો આનંદ માણ્યો હતો.

દર વર્ષે ૭મી ઓકટોબરે ઉજવાતો આ ઉત્સવ આ વર્ષે પણ તા. ૭મી ઓકટોબરે ઉજવાયો હતો. જેમાં સેવક ગણથી માંડીને કલાર્ક શિક્ષક, પ્રિન્સીપાલ તથા ટ્રસ્ટી મંડળ તમામ પરિવાર સહિત જોડાયા હતા અને તેમણે પહેલા સેશનમાં ફલાઈંગ ફોકસ, વોટર રોટેટીંગ, ફાઈડીંગ ધ બોલ, બુલ રાઈડીંગ, બાસ્કેટ ધ બૉલ અને કેરમ જેવી ફન ગેમ્સને ભરપૂર માણી હતી. સમૂહ ભોજન પછીના સેશનમાં ગીત-સંગીતનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી પ્રજ્ઞેશભાઈના સદભાવને ઈશારે પ્રત્યેક ઈશારેદારે મંચ પર આવી 'કરૌકે સીસ્ટમ'ના સહારે ગીત ગાયા હતા. વળી, ઈવેન્ટના હાર્દરૂપ એવા સ્ટેજ કાર્યક્રમમાં દરેક ડિપાર્ટમેન્ટના અદભૂત પરફોર્મન્સ સાથે કર્મચારીનું કર્મચારી સાથે અને કર્મચારીનું સેલીબ્રીટી સાથે ફેસમેશઅપ યોજાયું હતું. કાર્યક્રમના અંતમાં ગરબા યોજવામાં આવ્યા હતા. જેમો બાળકોથી માંડીને મોટેરાંઓ સુધ્ધાં ઝુમી ઉઠયા હતા. સમગ્ર કાર્યક્રમ શાળા પરિવાર માટે સંબંધ ગુંફન માટે મહત્વનો બની રહ્યો હતો.

શનિવારે સોલા ભાગવત વિદ્યાપીઠ ખાતે ભૂદેવો માટે મોદક સ્પર્ધા

ગાંધીનગર, તા.૧૦

અમદાવાદના સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ રાજયકક્ષા અને સમસ્ત બ્રહ્મ પરિવાર ટ્રસ્ટ તથા સોલા ભાગવત વિદ્યાપીઠના સંયુકત ઉપક્રમે તા. ૧૪મી ઓકટોબર શનિવારે સાંજે ૪.૩૦ કલાકે સરખેજ-ગાંધીનગર હાઈવે પરની સોલા ભાગવત વિદ્યાપીઠ ખાતે લાડુ ખાવાની મોદક સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં ૨૦ વર્ષ સુધીના, ૨૧ થી ૪૦ વર્ષ અને ૪૧ થી ઉપરના તથા મહિલાઓ માટે વિશેષ કેટેગરી રાખવામાં આવી છે. આ સ્પર્ધામાં માત્ર ભૂદેવો ભાગ લઈ શકશે અને સ્પર્ધાની વધુ માહિતી માટે સોલા ભાગવત વિદ્યાપીઠનો સંપર્ક સાધવા અખબારી યાદીમાં જણાવાયું છે.

ચિરવિદાય

● સ્વ. નલીની લાભશંકર વ્યાસ, ઉ.વ. ૮૯